આજે કોંગ્રેસ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની જાહેરાત કરશે

નવી દિલ્હી,તા.૧૪

રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને રાજકીય ઘમસાણ યથાવત રીતે જારી છે. હજુ સુધી કોઈપણ ઉમેદવાર સ્પષ્ટ દાવેદાર નથી. ટીએમસી-સમાજવાદી પાર્ટી દ્વારા સૂચવવામાં આવેલા ત્રણ નામોને ફગાવી દેવામા આવ્યા બાદ કોંગ્રેસે પણ હવે આક્રમક વલણ અપનાવ્યુ છે. રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને કોંગ્રેસ સાવધાની પૂર્વક આગળ વધવા માંગે છે. આજ કારણસર ઘટક પક્ષોની માંગ અને અન્ય પક્ષોની માંગણીને લઈને ગંભીરતા પૂર્વક કોંગ્રેસ પાર્ટી આગળ વધી રહી છે. મળેલી માહિતી મુજબ કોંગ્રેસ આવતીકાલે રાષ્ટ્રપતિના ઉમેદવારની જાહેરાત કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ યૂપીએના ઉમેદવારનુ નામ જાહેર કરે તેવી શકયતા દેખાઈ રહી છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ કોર કમિટીની મીટિંગમાં અથવા તો આવતીકાલે ઉમેદવારના નામની જાહેરાત કરવામા આવી શકે છે. રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઈને વાતચીતનો દોર માત્ર કોંગ્રેસમાં નહી બલ્કે તૃણમુલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, અન્ના દ્રમુક, ડીએમકે, એનડીએમાં પણ ચાલી રહ્યો છે. તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ ગઈકાલે કહ્યુ હતુ કે નાણામંત્રી પ્રણવ મુખર્જી અને ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી કોંગ્રેસની ક્રમશઃ પ્રથમ અને બીજી

પસંદગી છે. જો કે મોડેથી સમાજવાદી પાર્ટી અને ટીએમસીએ ત્રણ નવા નામ સૂચવ્યા હતા જેમાં વડાપ્રધાન મનમોહન સિંહ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ અને લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ સોમનાથ ચેટર્જીનો સમાવેશ થાય છે પરંતુ કોંગ્રેસ પણ ટીએમસી-સમાજવાદી પાર્ટી દ્વારા સૂચવવામા આવેલા ત્રણ નામ ફગાવી દીધા છે. મમતા અને મુલાયમના ઉમેદવારના નામ કોંગ્રેસના ફગાવી દીધા બાદ હવે કોંગ્રેસ યૂપીએના કોઈ ઉમેદવારના નામની જાહેરાત કરશે. પ્રણવ મુખર્જી સૌથી પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે. એનસીપીના નેતા શરદ પવાર અને આરજેડીના નેતા લાલુપ્રસાદ યાદવ કહી ચુક્યા છે કે તેઓ યૂપીએના કોઈપણ ઉમેદવારને ટેકો આપશે. સોનિયા ગાંધી પર તમામનુ ધ્યાન કેન્દ્રિત થઈ ગયુ છે. સોનિયા ગાંધીએ પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે વાતચીત જારી રાખી છે જેમા પ્રણવ મુખર્જીનો સમાવેશ થાય છે. પ્રણવ મુખર્જી સહિતના વરિષ્ઠ નેતાઓ સાથે વાતચીત કર્યા બાદ જ પાર્ટીએ ટીએમસી અને સપા દ્વારા જાહેર કરવામા આવેલા ત્રણ નામને ફગાવી દીધા હતા. દરમ્યાન ટીએમસીએ કોંગ્રેસની ટીકા કરતા જણાવ્યુ છે કે જો કોંગ્રેસ પ્રણવ મુખર્જીનુ નામ સુચવશે તો સ્પર્ધામાં પક્ષ ઉતરશે. સમાજવાદી પાર્ટીના પ્રવક્તા શાહીદ સિદીકીએ કહ્યુ છે કે પક્ષે રાષ્ટ્રપતિના હોદ્દા માટે કોઈ નામ ફગાવ્યા નથી. અગાઉ વરિષ્ઠ પ્રધાન અંબિકા સોનીએ મમતા ઉપર આક્ષેપો કર્યા હતા અને કહ્યુ હતુ કે કોંગ્રેસે ત્રણ નામ ફગાવી દીધા છે. સમાજવાદી પાર્ટી અને તૃણમુલ કોંગ્રેસ દ્વારા પોતાના નામ સૂચવવામા આવ્યા બાદ હવે સર્વસંમતિના પ્રયાસો ચાલી રહ્યા છે.

મનમોહનસિંહ ૨૦૧૪ સુધી વડાપ્રધાન પદે રહશે : કોંગ્રેસ

નવી દિલ્હી,તા.૧૪

યૂપીએના સાથી પક્ષો તૃણમુલ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીને સ્પષ્ટ સંકેત આપીને કોંગ્રેસે આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે કોંગ્રેસના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મનમોહનસિંહ બનશે નહિ મનમોહનસિંહ ૨૦૧૪ સુધી વડાપ્રધાન તરીકે જારી રહેશે. કોંગ્રેસે એમ પણ કહ્યુ છે કે તમામ પ્રકારની અટકળો પાયા વગરની છે. પત્રકારો સાથે વાતચીત કરતા કોંગ્રેસના પ્રવક્તા



જનાર્દન દિવેદીએ કહ્યુ હતુ કે અમે પહેલાથી જ કહી ચુક્યા છે કે મનમોહનસિંહ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી સુધી વડાપ્રધાન તરીકે દેશની સેવા કરશે. વડાપ્રધાનના હોદ્દા પરથી તેમને દૂર કરવામા આવશે નહિ. ૨૦૧૪ સુધી વડાપ્રધાન તરીકેની જવાબારી સંભળાશે. જો કે દિવેદીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેમના પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કોણ બનશે તેવો હાલમાં કહેવા માંગતા નથી. તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી મુલાયમ સિંહ દ્વારા સૂચવામા આવેલા બે નામ ફગાવી દેવામા આવ્યા છે. દિવેદીએ કહ્યુ હતુ કે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મામલે કોંગ્રેસ પાર્ટીના વલણમાં કોઈ ફેરફરા થયો નથી. પ્રણવ મુખર્જી અને હમીદ અન્સારી હજુ પણ સ્પર્ધામાં છે. કોંગ્રેસના નેતાઓ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી ઉપર દોષારોપણ કર્યા હતા. મમતા અને મુલાયમ બંને ગઈકાલે ત્રણ નામ સુચવ્યા હતા. કોંગ્રેસ કોર કમિટિની મીટિંગમાં નામ અંગે નિર્ણય લેવામા આવી શકે છે.

શાકભાજી અને પેટ્રોલની કિંમતમાં સતત વધારો થવાના પરિણામે ફુગાવો મે મહિનામાં વધીને ૭.૫૫ ટકા

નવી દિલ્હી,તા.૧૪

શાકભાજી અને પેટ્રોલની કિંમતમાં સતત વધારો થવાના પરિણામે ફુગાવો મે મહિનામાં વધીને ૭.૫૫ ટકા થઈ ગયો છે. ફુગાવો વધતા આરબીઆઈ અને સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા અને વિકાસને ગતિ આપવાના ઈરાદાથી આગામી સપ્તાહમાં તેની પોલિસી સમીક્ષામાં આરબીઆઈ હવે વ્યાજદરમા કાંપ મુકવાની તૈયારીમાં છે. નાણામંત્રી પ્રણવ મુખર્જીને અપેક્ષા છે કે સારા ચોમાસાના પરિણામે વર્તમાન નાણાકીય વર્ષ દરમ્યાન ફુગાવો ઘટીને ૬.૫ ટકાથી ૭.૫ ટકાની રેંજમાં આવી શકે છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે ફુગાવમા વધારો મુખ્ય રીતે ખાદ્યાન ચીજ વસ્તુઓ મોંઘી થતા થયો છે. આરબીઆઈ ટુંકાગાળાના વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરી શકે છે.

એપ્રિલ મહિનામાં ફુગાવો ૭.૨૩ ટકા હતો જે વધીને મે મહિનામાં ૭.૫૫ ટકા થયો છે. મે મહિનામાં ફુગાવો ઝડપથી વધતાં આગામી સપ્તાહમાં તેની સમીક્ષામાં આરબીઆઈ રેટમાં કાપ મૂકે તેવી શક્યતા વધી ગઈ છે. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) દ્વારા નક્કી કરવામાં આવતા ફુગાવાનો દર એપ્રિલ મહિનામાં ૭.૨૩ ટકા હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ૧૮મી જૂનના દિવસે સમીક્ષા મિટીંગ મળનાર છે. આ સમીક્ષા મિટીંગ પહેલાં આજનો ફુગાવાનો આંકડો છેલ્લો આર્થિક આંકડો છે. હવે આરબીઆઈ સમક્ષ સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે જેથી આરબીઆઈ પોતાની રીતે ફુગાવાને અંકુશમાં લેવા અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા ગણતરી કરશે. આરબીઆઈએ એપ્રિલ મહિનામાં તેની છેલ્લી મિટીંગમાં તેના બેન્ચમાર્ક ફેર ખરીદી રેટમાં અપેક્ષા કરતા વધુ એટલે કે ૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરી બજાર નિષ્ણાંતોને ચોંકાવી દીધા હતા. ફુગાવો હજુ એકવાર વધતાં આરબીઆઈ અને સરકાર માટે પડકારરૂપ સ્થિતિ સર્જાઈ છે. માર્ચમાં ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસદર ૯ વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. પ્રથમ ત્રણ મહિનામાં સરેરાશ ફુગાવો ૭ ટકાની નીચે હતો. ઔદ્યોગિક ઉત્પાદન વિકાસ એપ્રિલ મહિનામં લગભગ અટકી ગયો હતો. મંગળવારના દિવસે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું કે આર્થિક વિકાસદર લગભગ અટકી રહ્યો હતો. ખાદ્ય ચીજવસ્તુઓ અને ફ્યુઅલને જેમાં આવરી લેવામાં આવે છે તે પ્રાયમરી આર્ટીકલ્સમાં ફુગાવાની સ્થિતિ ચિંતાજનક રહી છે. હજુ પણ વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં ક્રૂડ ઓઈલની કિંમત ચિંતાજનક રહી છે.

હુમલા કેસમાં વિવાદાસ્પદ નિત્યાનંદને જામીન મળ્યા

નવી દિલ્હી,તા.૧૪

વિવાદસ્પદ અને જાતે બની બેઠેલા ગોડમેન નિત્યાનંદને આજે રામનગરમ કોર્ટ દ્વારા જામીન મળી ગયા હતા. હુમલા કેસના સંબંધમાં ધરપકડ કરવામા આવેલા નિત્યાનંદને જામીન આપતી વેળા કોર્ટે કેટલીક શરતો લાગુ કરી હતી. જ્યુડિશ્યિલ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ કોમલે નિત્યાનંદને જામીન આપ્યા હતા. નિત્યાનંદને ગઈકાલે એક દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામા આવ્યા હતા. અગાઉ નિત્યાનંદે બેંગ્લોરથી આશરે ૪૦ કિલોમીટરના અંતરે સ્થિત રામનગરમમાં કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી. કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધા બાદ તેમને પોલીસ કસ્ટડીમાં લઈ લેવામા આવ્યા હતા. નિત્યાનંદ

ઉપર બળાત્કાર સહિત ગંભીર ફોજદારી આરોપો મુકવામા આવ્યા છે. વર્ષ ૨૦૧૦માં ધરપકડ કરાયા બાદ જામીન આપી દેવામા આવ્યા હતા. આઠમી જૂનના દિવસે નિત્યાનંદની તકલીફમાં વધારો થયો હતો. એ વખતે નિત્યાનંદ અને તેમના સમર્થકો પર પત્રકારો સાથે મારામારી કરવાનો આક્ષેપ મુકાયો હતો. બિદાદી ખાતે તેમના આશ્રમમાં પત્રકાર પરિષદમાં મારામારી થઈ હતી. આ પત્રકાર પરિષદ અમેરિકા સ્થિત એક મહિલાએ આક્ષેપ કર્યા બાદ યોજાઈ હતી. આ મહિલાએ આક્ષેપ કર્યો હતો કે નિત્યાનંદે પાંચ વર્ષ સુધી તેમની સાથે શોષણ કર્યુ હતુ. આના કારણે ભારે હોબાળો મચી ગયો હતો. નિત્યાનંદ સામે સર્ચ વોરંટ પણ જારી કરાયુ હતુ.

આંધ્રપ્રદેશમાં લોકસભાની એક અને વિધાનસભાની ૧૮ બેઠકોની પેટાચૂંટણી માટે આજે મતગણતરી

હૈદરાબાદ,તા.૧૪

આંધ્રપ્રદેશમાં લોકસભાની એક અને વિધાનસભાની ૧૮ બેઠકોની પેટાચૂંટણી માટે આવતીકાલે શુક્રવારે મતગણતરી હાથ ધરાશે. બપોર સુધી અથવા મોડી સાંજ સુધી તમામ પરિણામો મળી જાય તેવી શક્યતા છે. આની સાથે જ આંધ્રમાં વિધાનસભાની બેઠકો પરના ૨૪૨ અને નેલ્લોર બેઠક પર મેદાનમાં રહેલા ૧૩ ઉમેદવારોનો ભાવિનો ફેંસલો થશે. આંધ્રમાં કુલ ૪૬ લાખ મતદારો પેટા ચૂંટણીમાં નોંધાયા હતા. અહીં સઘન સુરક્ષા વચ્ચે અને હિંસા વચ્ચે ૭૦ ટકાથી ઊંચું મતદાન રહ્યું હતું. આંધ્રની પેટા ચૂંટણીના પરિણામ કોંગ્રેસ અને વાય એસ આર કોંગ્રેસ માટે ખૂબ જ પ્રતિષ્ઠાજનક છે. સંપત્તિ કેસના સંબંધમાં ધરપકડ કરાયેલા અને હાલ કસ્ટડીમાં રહેલા જગનમોહનની પાર્ટી માટે પણ આ

પરિણામ મહત્વપૂર્ણ છે. મતગણતરીની પ્રક્રિયા સવારે શરૂ થશે. ૨૦૧૪માં યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલાં આને સેમીફાઈનલ તરીકે રાજકીય વર્તુળોમાં ગણવામાં આવે છે. ૧૮ વિધાનસભાની બેઠકો પૈકી ૧૭ બેઠકો રાયલસીમામાં છે જ્યારે એક બેઠક તેલંગાણામાં છે. ૨૯૪ સભ્યોની વિધાનસભામાં ૧૪૮ સભ્યોના જાદુઈ આંકડા સામે કોંગ્રેસ પાસે હાલ ૧૫૧ સભ્યો છે. ઈલેક્ટ્રોનીક વોટિંગ મશીન મારફતે મતદાન થયા બાદ આવતીકાલે બપોર સુધી મોટાભાગના પરિણામ જાણવા મળશે. જગનમોહન રેડ્ડી સીબીઆઈ કસ્ટડીમાં છે ત્યારે ચૂંટણી પ્રચારની જવાબદારી જગનમોહનના માતા વિજયા લક્ષ્મીએ સંભાળી હતી. આંધ્રમાં પેટા ચૂંટણીમાં આશરે ૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો હતો. ચૂંટણી પ્રચાર દરમિયાન ૪૨ કરોડની રોકડ રકમ કબજે કરવામાં આવી હતી. આ રકમ મતદારોમાં વહેંચી કાઢવાના હેતુસર આવી હોવાની જાણવા મળી રહ્યું છે.

ભંવરી કેસ : કોર્ટ સંકુલમાં ગોળીબાર, આરોપી ફરાર

જોધપુર,તા.૧૪

સમગ્ર રાજસ્થાનને હચમચાવી નાખનાર નર્સ ભંવરી દેવી મામલામાં જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા આરોપી કૈલાશ જાખડને આજે બે જીપમાં આવેલા વણઓળખાયેલા લોકોએ ગોળીબાર કર્યા બાદ છોડાવીને લઈ જાવામાં સફળ રહ્યા હતા. જોધપુર કોર્ટ સંકુલમાંથી પોલીસના સંકજામાંથી જાખડને છોડાવી લેવામાં સશસ્ત્ર હુમલાખોરો સફળ રહેતા ભારે સનસનાટી મચી ગઈ છે. પોલીસ સુત્રોનું કહેવું છે કે આરોપી કૈલાશ જાખડને અન્ય એક મામલામાં વધારાના મુખ્ય ન્યાયિક મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. કોર્ટ સંકુલમાં વણઓળખાયેલા શખ્સોએ એકા એક પહોંચી જઈને જાખડને છોડાવી લીધો હતો. પોલીસે કહ્યું છે કે આ મામલામાં ન્યાયિક કસ્ટડીમાં રહેલો બિસના રામ પણ હતો. જાણકાર લોકોનું કહેવું છે કે બે જીપમાં આવેલી ટોળકીઓ કૈલાશને પોલીસના સકંજામાં છોડાવી લેવા ગોળીબાર કર્યો હતો. આ ઘટના બાદ જોધપુર પોલીસને સાવધાન કરી દેવામાં આવી છે. કૈલાશ તથા તેને છોડાવવા આવેલા શખ્સોની તપાસ હાથધરવામાં આવી છે.

અંકુશ રેખા પર પાકિસ્તાન દ્વારા ફરી વખત ગોળીબાર

જમ્મુ,તા.૧૪

જમ્મુ કાશ્મીરમાં પુંચ જિલ્લામાં અંકુશ રેખાપર પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં એક ભારતીય જવાનનું મોત થયું છે. જ્યારે અન્ય ત્રણ જવાન ઘાયલ થયા છે. પાકિસ્તાની સૈનિકો કોઈપણ ઉશ્કેરનીય વગર ગોળીબાર કર્યો હતો. અધિકારીઓએ આજે જમ્મુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે પાકિસ્તાની સૈનિકોએ જમ્મુથી આશરે ૨૪૦ કિલોમીટરના ઉત્તર-પશ્ચિમે પુંચ જિલ્લામાં અંકુશ રેખાપર કૃષ્ણાઘાટીમાં ભારતીય ચોકી પર ગોળીબાર શરૂ કરી દિધો હતો. આમા એક જવાનનું મોત થયું હતું. પાકિસ્તાની ગોળીબારમાં અન્ય ત્રણ જવાન ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત જવાનને સારવાર માટે અન્ય જવાનો ખસેડવા પ્રયાસ કરી રહ્યા ત્યારે પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર તીવ્ર કર્યોહતો. ગળામાં ગંભીર ઈજાને કારણે સૈનિકનું મોત થયું હતું. ભારતીય સૈનિકોએ પણ ત્યારબાદ જવાબી ગોળીબાર કર્યો હતો. જેમાં બીજા ત્રણ જવાનો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા જવાનોને સેનાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા ત્રણનો ઘટાડો કરાશે

નવી દિલ્હી,તા.૧૪

પ્રવર્તમાન પરિસ્થિતી વચ્ચે ડિઝલની કિંમતમાં વધારો કરવા અને પેટ્રોલની કિંમતમાં ફરી ઘટાડો કરવાની હિલચાલ ચાલી રહી છે. કરવામાં આવી શકે છે. પરંતુ આ શક્યતા ઓછી દેખાઈ રહી છે. સરકાર પેટ્રોલ અને ડિઝલના રેટ વચ્ચે વધતા અંતરને ઘટાડવા સૌથી પહેલા પેટ્રોલની કિંમતમાં ઘટાડો

કરવા અને ડિઝલની કિંમતનમાં વધારો કરવા પ્રાથમિકતા આપવા ઈચ્છે છે. ભારતની રિફાઈનરીઓ હજુ પણ ૯૫.૭૫ ડોલર પ્રતિ બેરલની કિંમત પર ક્રુડની ખરીદી કરી રહી છે. મળેલી માહિતી મુજબ સરકાર ડિઝલ અને પેટ્રોલના રેટ વચ્ચે વધતા જતા અંતરને લઈને ચિંતતી છે. જેથી સરકાર ડિઝલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા ત્રણનો વધારો કરવા અને પેટ્રોલની કિંતમમાં લિટરદીઠ રૂપિયા ત્રણનો ઘટાડો કરવા વિચારી રહી છે. પેટ્રોલ અને ડિઝલ વચ્ચે વધતા અંતરને ઘટાડવાના હેતુસર આ હિલચાલ હાથ ધરવામાં આવી શકે છે. જો કે આ સંબંધમાં કોઈ વિશ્વસનીય અહેવાલ મળી શક્યા નથી. કેટલાક બિનસત્તાવાર અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે પેટ્રોલની સાથે સાથે ડિઝલની કિંમતમાં પણ ઘટાડો ઓઈલની આ સૌથી ઓછી કિંમત નોંધાઈ છે. આવી સ્થિતીમાં પેટ્રોલની કિંમતમાં આંશીક ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સરકાર અને ઈન્ડસ્ટ્રી સૂત્રોનું કહેવું છે કે જો ક્રુડ ઓઈલ આ જ કિંમત પર રહેશે અને ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઉતરા ચઢાવની સ્થિતિ નહીં રહે તો ઓઈલ સબસીડીમાં ઘટાડો કરવા વિચારી શકે છે. એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સને ડિઝલની કિંમતને વધારવાનો અધિકાર છે. તેની મિટિંગ હજુ સુધી યોજાઈ શકી નથી. અધિકારીઓનું કહેવં છે કે ૧૬મી જુનના દિવસે પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરાશે તો ડિઝલ અને તેની વચ્ચે અંતર ઘટશે.

યૂરિયાની કિંમતમાં ૧૦ ટકા વધારાનો નિર્ણય અંતે મોકૂફ

નવી દિલ્હી,તા.૧૪

સરકારે આજે યુરિયાની કિંમતમાં દસ ટકા વધારો કરવાનો નિર્ણય મોકૂફ કરી દીધો હતો. સીસીઈએની મીટિંગ બાદ સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યુ હતુ કે આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિ દ્વારા યૂરિયાની છુટક કિંમતમાં દસ ટકા સુધીનો વધારો કરવાનો નિર્ણય મોકૂફ કરી દેવામા આવ્યો છે. સરકારે યૂરિયાની કિંમતમાં દસ ટકાનો વધારો કરી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના નાણાકીય વર્ષ માટે પ્રતિ ટન ૫૮૪૧ કરવાની યોજના મોકૂફ કરી દીધી હતી. યૂરિયા એક માત્ર ખાતર છે જે સંપૂર્ણ પણે સરકારના નિયંત્રણ હેઠળ છે. હાલમાં તેની છુટક કિંમત ૫૩૧૦ રૂપિયા છે. ખેડૂતોને રાહત આપવાના હેતુસર અન્ય કેટલા પગલા લેવાની ગણતરી પણ સરકાર દ્વારા ચાલી રહી છે. જમીનના પોષક તત્વોના ઉપયોગ અને સરકારના સબસિડી બોજને ઘટાડવાના હેતુસર યૂરિયાની કિંમતમાં વધારો કરવાની દરખાસ્ત તૈયાર કરવામા આવી હતી. સરકાર મુખ્ય રીતે ખાતર, ફ્યુઅલ અને ખાદ્યાન ચીજવસ્તુ પર સબસિડી ઉપલબ્ધ કરાવે છે. ઉત્પાદનના ખર્ચ અને મેન્યુફેક્ચર્સને ચુકવવામાં આવતી મહત્તમ છુટક કિમત વચ્ચે અંતર છે. વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં યૂરિયાના લીધે ખાતર સબસિડી બિલ ૨૪૫૦૦ કરોડ વધી ગયુ હતુ. ખાતરોના સંતુલિત ઉપયોગને પ્રોત્સાહન આપવા, સબસિડી બોજને ઘટાડાવા અને વધતા ઉત્પાદન ખર્ચના કારણે

કંપનીઓને વળતર આપવાના ઈરાદાથી ખાતર મંત્રાલય ન્યુપ્રાઈજીંગ સ્કીમ (એનપીએસ)માં સુધારો કરવાની યોજના ધરાવે છે. અગાઉ સરકારે યૂરિયા ક્ષેત્રને અંકુશ મુક્ત કરવાની યોજના બનાવી હતી અને આને એનબીએસ સ્કીમ હેઠળ આવરી લેવા રણનીતિ ઘડી કાઢી હતી. કમિટીએ પોતાના અહેવાલમાં આ ક્ષેત્રને અંકુશ મુક્ત કરવાની વાત કરી હતી. જો કે આ દરખાસ્તને ખાતર મંત્રાલય દ્વારા ફગાવી દેવામા આવી હતી. ફોસફેટીક, પોટાસ (કે) ખાતરોની છુટક કિંમતમા વધારાના અનુસંધાનમા આનો વિરોધ કરાયો હતો. આ ખાતરોને એપ્રિલ ૨૦૧૦માં અકુશ મુક્ત કરવામા આવ્યુ હતુ. ફોસપેટકી અને પોટાસ ખાતરોની ઉંચી કિંમતના પરિણામે ખેડૂતો સસ્તા યૂરિયા ખાતર તરફ વળ્યા છે જેના લીધે જમીનના પોષક તત્વોની ઉપયોગિતા ઘટી ગઈ છે.

સ્વીસ બેંકોમાં ભારતીયોની ૧૨૭૪૦ કરોડની રકમ છે

નવી દિલ્હી,તા.૧૪

સ્વીત્ઝરલેન્ડે આજે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૧ના અંત સુધી સ્વીસ બેંકોમાં ભારતીયો દ્વારા જાળવી રાખવામાં આવેલી કુલ રકમ ૧૨૭૪૦ કરોડની છે. છેલ્લા પાંચ વર્ષમા પ્રથમ વખત આમા વધારો થયો છે. ભારતીય વ્યક્તિગતો અને કંપનીઓ દ્વારા જાળવી રાખવામા આવેલી કુલ રકમ પણ વધી છે. સ્વીસ નેશનલ બેંક દ્વારા જારી કરવામા આવેલા નવા આંકડાને આ મુજબનો ખુલાસો કરવામા આવ્યો છે. આજે પ્રકાશિત સ્વીસ બેંક અંગે વાર્ષિક હેન્ડ બુકમાં નવા આંકડા જારી કરાયા છે. નવા આંકડા અપાયા બાદ આગામી દિવસોમાં રાજકીય ગતિવિધી ફરી એકવાર વધે તેવા સંકેત છે. ભાજપ સહિતના રાજકીય પક્ષો તથા સામાજિક કાર્યકર અણ્ણા હજારે, યુગ ગુરુ બાબા રામદેવ સહિતના ઘણા લોકો સ્વીસ બેંકોમાં પડેલા ભારતીય નાણા અંગે સવાલ કરતા રહ્યા છે. ઉપરાંત કાળા નાણાને પરત લાવવાની માંગ પણ થતી રહી છે જો કે એસએનબીના સત્તાવાર આંકડામાં એવા નાણાનો સમાવેશ કરવામા આવ્યો નથી જે નાણા અન્યોના નામ ઉપર સ્વીસબેંકમાં ભારતીયો અથવા તો અન્ય દેશોના નાગરિકો દ્વારા મુકવામા આવ્યા છે. આવા સત્તાવાર અંદાજના કોઈ આંકડા નથી પરંતુ આવા બિન હિસબી ફંડની રકમ અંદાજ મુજબ ૨૦થી ૨૫ અબજ ડોલર હોઈ શકે છે.

હેડલી અને રાણાની પૂછપરછ કરવા માટે ભારત અતિ ઇચ્છુક

નવી દિલ્હી,તા.૧૪

ભારતના વિદેશ મંત્રી એસએમ કૃષ્ણાએ ભારત-અમેરિકા મંત્રણાની ત્રીજી બેઠકમાં અમેરિકી વિદેશ મંત્રી હિલેરી ક્લિટન સાથે વાતચીત કર્યા બાદ સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે મુંબઈના ભીષણ આંતકવાદી હુમલાના કાવતરામાં સામેલ કુખ્યાત આરોપી ડેવિડ કોલમન હેડલી અને તહવ્વુર રાણાની પુછપરછ કરવાની ભારત ઈચ્છા રાખે છે. હેડલી અને રાણાની પૂછપરછની ભારતને મંજુરી મળે તેવી જોરદાર રજુઆત કૃષ્ણા તરફથી કરવામાં આવી હતી. બીજી બાજુ હિલેરી ક્લિટને કહ્યું હતું કે ભારત અને અમેરિકા આતંકવાદ અને અન્ય મુદ્દા પર માહિતીની આપલે કરી રહ્યા છે. આતંકવાદ સામેની લડાઈ બંને દેશો સાથે મળીને લડી રહ્યા છે. હેડલી અને રાણા બંને અમેરિકી તપાસ સંસ્થાઓની કસ્ટડીમાં છે. કૃષ્ણાએ કહ્યું હતું કે કાયદાકીય પ્રક્રિયાઓના ભાગરૂપે વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં થયેલા ત્રાસવાદી હુમલાની તપાસના હેતુસર ભારત હેડલી અને રાણાની પૂછપરછ કરવાની ઈચ્છા ધરાવે છે. આ મામલે હિલેરીએ કહ્યું હતું કે આ સંબંધમાં તેમના તંત્ર સાથે વાતચીત કરીને કોઈ નિર્ણય લેવામાં આવશે. જો કે હિલેરીએ પૂછપરછના સંબંધમાં કોઈ નક્કર ખાતરી આપી ન હતી. તેમણે એટલું જ કહ્યું હતું કે ગુપ્તચર સહકાર, આતંકવાદ સામેની લડાઈ અને ગૃહ સુરક્ષાના મામલામાં બંને દેશો સહકારના નવા સ્તર ઉપર પહોંચી રહ્યા છે. હિલેરીએ એમ પણ કહ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે સંબંધ એક નવા યુગમાં પ્રવેશી રહ્યા છે. અગાઉ કરતા સંબંધો હવે ખૂબ મજબૂત બન્યા છે. બંને દેશોએ સુરક્ષા અને આર્થિક મામલાઓ ઉપરાંત વિશ્વ અને ક્ષેત્રિય સ્તરના મહત્વના પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરી હતી. આ પ્રસંગે કૃષ્ણાએ કહ્યું હતું કે અમારી હાજરી સંબંધો મજબૂત હોવાના પુરાવા તરીકે છે. હિલેરી ક્લિટને આતંકવાદનો મુદ્દો વિસ્તારપૂર્વક ઉઠાવ્યો હતો. હિલેરી સાથેની વાતચીત દરમિયાન કૃષ્ણાએ કહ્યું હતું કે પાકિસ્તાનમાં કટ્ટરપંથીને હજુ પણ સરણ મળેલી છે. તેઓએ અફઘાનિસ્તાનમાં ભારત દ્વારા જુદા જુદા ક્ષેત્રોમાં મદદ કરવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. બંને નેતાઓએ પરમાણું કરાર મુદ્દે પણ ચર્ચા કરી હતી. ગુજરાતમાં અનેક પરમાણું પ્લાન્ટમાં મદદ મળે તેવી પણ શક્યતા છે.

સોનાના ભાવમાં રૂપિયા ૧૦૦નો વધારો થતા સોનાની કિંમત વધીને ૩૦૨૭૫થી ૩૦૩૨૫

મુંબઈ,તા.૧૪

બુલિયન બજારમાં આજે મોટા ભાગે ફ્લેટ સ્થિતિ રહી હતી. અમદાવાદ બુલિયન બજારથી પ્રાપ્ત અહેવાલ મુજબ ચાંદીના ભાવમાં આજે કોઈ ફેરફાર થયો ન હતો. કારોબારના અંતે ચાંદીનો ભાવ ૫૪૪૦૦થી ૫૪૭૦૦ નોંધાયો હતો. જો કે સોનાના ભાવમાં રૂપિયા ૧૦૦નો વધારો થતા સોનાની કિંમત વધીને ૩૦૨૭૫થી ૩૦૩૨૫ રહી હતી. ચાંદીની કિંમત સતત ૩૦ હજારથી ઉપર રહી છે. વેપારીઓનુ કહેવુ છે કે સતત ચોથા સેસનમાં સોનામાં તેજી જોવા મળી

રહી છે. મુંબઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ બજારમાં મલ્ટી કોમોડિટી એક્સેંજમાં ઓગસ્ટ ડિલિવરી માટે સોનાની કિંમતમાં ૦.૩૧ ટકાન વધારો થયો હતો. અગાઉના ત્રણ સેસનમાં ૧.૬૭ ટકા સુધીનો સુધારો થયા બાદ આજે તેમાં પ્રતિદસ ગ્રામ ૦.૩૧ ટકાનો સુધારો થતા કિંમત ૩૦૧૨૮ રૂપિયા નોંધાઈ હતી. વૈશ્વિક બજારમાં સોનાની કિંમત સ્થિર બનેલી છે. છેલ્લા ચાર સેસનમાં વૈશ્વિક સોનાની કિંમતમાં આશરે બે ટકાનો સુધારો થયો છે. એપ્રિલ મહિના બાદથી સોનામાં અવિરત તેજી સૌથી લાંબા ગાળા સુધી જારી રહી છે. બજાર સાથે સંકળાયેલા લોકોનુ કહેવુ છે કે મોનસુન દરમ્યાન સ્થિતિમાં સુધારો થતા લગ્નની સિઝન અને તહેવારો નજીક આવ્યા બાદ થોડાક સમયમાં સોનાની કિંમતમાં વધુ તેજી નોંધાઈ શકે છે. એનસીએક્સમાં જુલાઈ ડિલિવરી માટે ચાંદીની કિંમત ૦.૨૨ ટકા વધી પ્રતિ કિલો ૫૫૧૩૪ નોંધાઈ હતી.

લાગણીનો મેળો (પાના નં. ૪ નું ચાલુ)

હંમેશાં તરોતાજા રહેવા જિજ્ઞાસા કેળવો... પૂર્વગ્રહો, ખોટા ખ્યાલો, જડ વલણો છોડી મનને વિશાળ બનાવો... મળતાવડાપણું ખિલવો સાથે ભળતા રહો. તમારા ભીંતરી ખજાનાને પ્રાપ્ત કરવા વિશ્વની વિશાળતાને માણવા તમારી દષ્ટિને વિકસાવો...!!!

- : સ્પર્શમણિ : -

કરૂણાની ખેતી કરો, પરોપકારનું પાણી પાઓ, પ્રામાણિકતાનું ખાતર નાંખો, કામ અને ક્રોધને કચરાનું નિંદામણ કરો, પ્રેમનો વરસાદ થશે, સુખની કૂંપળો ફૂટશે. સંતોષના દાણા આવશે અને જીવનનું ખળું ભરાઈ જશે.